Downloaded from https:// www.studiestoday.com

1 ઘન અને ઘનમૂળ (Cube and Cube Root)

◆ **યાદ કરીએ :**

ધોરણ 7માં તમે સમઘન અને તેના ઘનફળ વિશે શીખી ગયા છો. સમઘનની બધી બાજુઓ સરખા માપની હોય છે. ખરું ને ? હવે ઉદાહરણ મુજબ ખાલી જગ્યાઓ પૂરો :

પ્રશ્ન	આકૃતિ	ઘનફળ (ઘન સેમી)
1 સેમી બાજુ ધરાવતા સમઘનનું ઘનફળ કેટલું થાય ?		$1 \times 1 \times 1 = 1^3 = 1$
2 સેમી બાજુ ધરાવતા સમઘનનું ઘનફળ કેટલું થાય ?		$2 \times 2 \times 2 = 2^3 = 8$
3 સેમી બાજુ ધરાવતા સમઘનનું ઘનફળ કેટલું થાય ?		$3 \times 3 \times 3 = 3^3 = 27$
4 સેમી બાજુ ધરાવતા સમઘનનું ઘનફળ કેટલું થાય ?		.....
5 સેમી બાજુ ધરાવતા સમઘનનું ઘનફળ કેટલું થાય ?		.....

◆ **નવું શીખીએ :**

કોષ્ટકના આધારે મળતી સંખ્યાઓ 1, 8, 27, 64 અને 125 એ એકની એક સંખ્યા ત્રણ વખત લઈ તેનો ગુણાકાર કરવાથી મળી છે આવી સંખ્યાને જે-તે સંખ્યાનો ઘન કહેવાય છે.

સંખ્યાના વર્ગને તે સંખ્યા વડે ગુણવાથી સંખ્યાનો ઘન મળે છે, એટલે કે $x^2 \times x = x^3$.

અહીં, $1 \times 1 \times 1 = 1^3 = 1$ એટલે કે 1નો ઘન '1' છે અને સંબંધ ઉલટાવીને બોલીએ તો '1'નું ઘનમૂળ '1' છે. ઘનમૂળનો સંકેત '$\sqrt[3]{\ }$' છે.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સંકેતમાં $\sqrt[3]{1} = 1$ (વંચાય : 1નું ઘનમૂળ બરાબર 1)

$2 \times 2 \times 2 = 2^3 = 8$ એટલે કે 2 નો ઘન '8' છે અને '8'નું ઘનમૂળ '2' છે.

સંકેતમાં $\sqrt[3]{8} = 2$ (વંચાય : 8નું ઘનમૂળ બરાબર 2)

$3 \times 3 \times 3 = 3^3 = 27$ એટલે કે 3નો ઘન '27' છે અને $\sqrt[3]{27} = 3$

$4 \times 4 \times 4 = 4^3 = 64$ એટલે કે 4નો ઘન '64' છે અને $\sqrt[3]{64} = 4$

$5 \times 5 \times 5 = 5^3 = 125$ એટલે કે 5નો ઘન '125' છે અને $\sqrt[3]{125} = 5$

ઉપર મળેલ 1, 8, 27, 64, 125,...વગેરે સંખ્યાઓને પૂર્ણઘન સંખ્યાઓ કહેવાય.

- **હવે નીચે આપેલ કોષ્ટક પૂર્ણ કરો :**

કોષ્ટક 1

સંખ્યા	ઘન	સંખ્યા	ઘન
1	$1^3 = 1$	11	.....
2	$2^3 =$	12	$12^3 = 1728$
3	$3^3 =$	13	$13^3 = 2197$
4	$4^3 = 64$	14	.....
5	$5^3 =$	15	.....
6	$6^3 = 216$	16	$16^3 = 4096$
7	.....	17	$17^3 = 4913$
8	.....	18	.....
9	$9^3 =$	19	.....
10	.....	20	$20^3 = 8000$

- **કોષ્ટક 1ના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(1) તમારો હાજરી પત્રકનો નંબર પૂર્ણઘન સંખ્યા છે ? કેમ ?

.....

(2) 1થી 100 સુધીમાં કેટલી પૂર્ણઘન સંખ્યાઓ છે ?

.....

(3) 1થી 1000 સુધીમાં કેટલી પૂર્ણઘન સંખ્યાઓ છે ?

.....

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

- કોષ્ટક 1ના આધારે નીચે આપેલ કોષ્ટક 2 માં વિગત ભરો :

કોષ્ટક 2

સંખ્યાનો એકમનો અંક	સંખ્યાનો ઘન કરવાથી મળતી સંખ્યાનો એકમનો અંક	કોષ્ટક 1 અને કોષ્ટક 2ના આધારે મળતા અંકોની વધુ ખાતરી કરવા નીચેની સંખ્યાઓના ઘન કરો : 21થી 30	સંખ્યાનો એકમનો અંક	સંખ્યાનો ઘન કરવાથી મળતી સંખ્યાનો એકમનો અંક
1	1		2	8
4	.....		8	.....
5	5		3	7
6	.....		7	.....
9	.....		0	.....

કોષ્ટક 2 પરથી સ્પષ્ટ થાય છે કે,

- જે સંખ્યાઓના એકમનો અંક 1, 4, 5, 6, 9 અને 0 છે તેમનો ઘન કરવાથી મળતી સંખ્યાઓના એકમના અંક અનુક્રમે 1, 4, 5, 6, 9 અને 0 જ હોય છે.
- જે સંખ્યાના એકમનો અંક 2 હોય તેમનો ઘન કરવાથી મળતી સંખ્યાના એકમનો અંક 8 મળે અને 8 હોય તો 2 મળે. 3 હોય તો 7 મળે અને 7 હોય તો 3 મળે.

હવે 10, 20, 30ના ઘન કરો, મળતા શૂન્યની સંખ્યા તપાસો.

$10^3 = 10 \times 10 \times 10 = 1000$ $20^3 = 20 \times 20 \times 20 =$ .....

$30^3 = 30 \times 30 \times 30 =$ ..... $40^3 = 40 \times 40 \times 40 =$ .....

આ ઉપરથી આપણે કહી શકીએ કે જે સંખ્યાના એકમના અંકમાં શૂન્ય હોય તેનો ઘન કરતાં મળતી સંખ્યામાં એકમ, દશક અને સોના સ્થાનમાં શૂન્ય આવે.

ઉદાહરણ 1 : નીચે આપેલ સંખ્યાઓનો ઘન કરવાથી મળતી સંખ્યાઓનો એકમનો અંક જણાવો :

(1) 11 (2) 58 (3) 104 (4) 407 (5) 596 (6) 840

સંખ્યા	સંખ્યાનો ઘન કરતાં મળતો એકમનો અંક	સંખ્યા	સંખ્યાનો ઘન કરતા મળતો એકમનો અંક
11	1	407	3
58	2	596	6
104	4	840	0

ઉદાહરણ 2 : નીચે આપેલ પૂર્ણઘન સંખ્યાના ઘનમૂળનો એકમનો અંક કયો હોય ?

(1) 6859, (2) 3375, (3) 17576, (4) 39304, (5) 35397, (6) 64000

(1) 6859 : પૂર્ણઘન સંખ્યા 6859ના ઘનમૂળનો એકમનો અંક 9 હોય.

(2) 3375 : પૂર્ણઘન સંખ્યા 3375ના ઘનમૂળનો એકમનો અંક 5 હોય.

(3) 17576 : પૂર્ણઘન સંખ્યા 17576ના ઘનમૂળનો એકમનો અંક 6 હોય.

(4) 39304 : પૂર્ણઘન સંખ્યા 39304ના ઘનમૂળનો એકમનો અંક 4 હોય.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(5) 35397 : પૂર્ણઘન સંખ્યા 35397ના ઘનમૂળનો એકમનો અંક 3 હોય.

(6) 64000 : પૂર્ણઘન સંખ્યા 64000ના ઘનમૂળનો એકમનો અંક 0 હોય.



1. નીચે આપેલી સંખ્યાનો ઘન કરવાથી મળતી સંખ્યાનો એકમનો અંક જણાવો :

(1) 401 (2) 258 (3) 344 (4) 47 (5) 66 (6) 25 (7) 79 (8) 10

2. નીચે આપેલી પૂર્ણઘન સંખ્યાઓના ઘનમૂળનો એકમનો અંક કયો હશે તે જણાવો :

(1) 729 (2) 4096 (3) 15625 (4) 13824

(5) 12167 (6) 8000 (7) 5832 (8) 1331

આપેલી સંખ્યા પૂર્ણઘન સંખ્યા છે કે કેમ તેની ચકાસણી કરીએ :

ઉદાહરણ 3 : 64 એ પૂર્ણઘન સંખ્યા છે કે કેમ તે ચકાસો.

2	64
2	32
2	16
2	8
2	4
2	2
	1

$64 = \underline{2 \times 2 \times 2} \times \underline{2 \times 2 \times 2}$

$= 2^3 \times 2^3$

$= (2 \times 2)^3$

$= 4^3$

$\therefore$ 64 એ પૂર્ણઘન સંખ્યા છે.

ઉદાહરણ 4 : 2312 એ પૂર્ણઘન સંખ્યા છે કે કેમ તે ચકાસો.

2	2312
2	1156
2	578
17	289
17	17
	1

$2312 = \underline{2 \times 2 \times 2} \times \underline{17 \times 17}$

અહીં 2 ત્રણ વખત આવે છે પરંતુ 17 માત્ર બે જ વખત આવે છે એટલે 2312 એ પૂર્ણઘન સંખ્યા નથી.

- **નીચે આપેલી સંખ્યાઓ પૂર્ણઘન સંખ્યા છે કે કેમ ? શા માટે ?**

(1) 729 (2) 100 (3) 243 (4) 400 (5) 3375 (6) 27000 (7) 4913 (8) 4096

*

ઉદાહરણ 5 : 2312ને નાનામાં નાની કઈ સંખ્યા વડે ગુણવાથી મળતી સંખ્યા પૂર્ણઘન બને ?

ઉદાહરણ 4 મુજબ $2312 = \underline{2 \times 2 \times 2} \times \underline{17 \times 17}$

અહીં 2 ત્રણ વખત આવે છે પરંતુ 17 માત્ર બે જ વખત આવે છે. જો 17 ત્રણ વખત આવે તો મળતી નવી સંખ્યા પૂર્ણઘન બને.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

એટલે કે, $2312 \times 17 = \underline{2 \times 2 \times 2} \times \underline{17 \times 17 \times 17}$ થાય. આમ આપેલ સંખ્યાને નાનામાં નાની સંખ્યા 17 વડે ગુણવાથી તે પૂર્ણઘન બને.

ઉદાહરણ 6 : 1029ને નાનામાં નાની કઈ સંખ્યા વડે ગુણવાથી મળતી સંખ્યા પૂર્ણઘન બને ?

3	1029
7	343
7	49
7	7
	1

$1029 = 3 \times 7 \times 7 \times 7$

અહીં 7 ત્રણ વખત આવે છે. પરંતુ 3 માત્ર એક જ વખત આવે છે. જો 3 ત્રણ વખત આવે તો મળતી નવી સંખ્યા પૂર્ણઘન બને.

એટલે કે, $1029 \times 3 \times 3 = \underline{3 \times 3 \times 3} \times \underline{7 \times 7 \times 7}$ થાય.

આમ, આપેલ સંખ્યાને નાનામાં નાની સંખ્યા $3 \times 3 = 9$ વડે ગુણવાથી તે પૂર્ણઘન બને.

ઉદાહરણ 7 : 704ને નાનામાં નાની કઈ સંખ્યા વડે ભાગવાથી મળતી સંખ્યા પૂર્ણઘન બને ?

2	704
2	352
2	176
2	88
2	44
2	22
11	11
	1

$704 = \underline{2 \times 2 \times 2} \times \underline{2 \times 2 \times 2} \times 11$

અહીં 11 માત્ર એક જ વખત આવે છે. જો 11ને દૂર કરવામાં આવે, એટલે કે આપેલ સંખ્યાને 11 વડે ભાગવાથી મળતી સંખ્યા પૂર્ણઘન બને છે.

ઉદાહરણ 8 : 1600ને નાનામાં નાની કઈ સંખ્યા વડે ભાગવાથી મળતી સંખ્યા પૂર્ણઘન બને ?

2	1600
2	800
2	400
2	200
2	100
2	50
5	25
5	5
	1

$1600 = \underline{2 \times 2 \times 2} \times \underline{2 \times 2 \times 2} \times \underline{5 \times 5}$

અહીં 5 માત્ર બે જ વખત આવે છે. જો 5×5ને દૂર કરવામાં આવે, એટલે કે આપેલ સંખ્યાને $5 \times 5 = 25$ વડે ભાગવાથી મળતી સંખ્યા પૂર્ણઘન બને છે.

1. નીચે આપેલી સંખ્યાઓને નાનામાં નાની કઈ સંખ્યા વડે ગુણવાથી મળતી સંખ્યા પૂર્ણઘન બને ?
   (1) 256 (2) 100 (3) 576 (4) 81 (5) 1715
2. નીચે આપેલી સંખ્યાઓને નાનામાં નાની કઈ સંખ્યા વડે ભાગવાથી મળતી સંખ્યા પૂર્ણઘન બને ?
   (1) 88 (2) 875 (3) 1512 (4) 625 (5) 13500

*

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અવયવની રીતે ઘનમૂળ શોધવું :

આપણે અવયવની રીતે વર્ગમૂળ શોધતાં તો શીખી ગયાં છીએ. હવે અવયવની રીતે ઘનમૂળ શોધતાં શીખીએ.

ઉદાહરણ 9 : 15625નું અવયવની રીતે ઘનમૂળ શોધો.

5	15625
5	3125
5	625
5	125
5	25
5	5
	1

$$15625 = \underline{5 \times 5 \times 5} \times \underline{5 \times 5 \times 5}$$
$$= 5^3 \times 5^3$$
$$= (5 \times 5)^3$$
$$= (25)^3$$

$\therefore \sqrt[3]{15625} = 25$

ઉદાહરણ 10 : 10648નું અવયવની રીતે ઘનમૂળ શોધો.

2	10648
2	5324
2	2662
11	1331
11	121
11	11
	1

$$10648 = \underline{2 \times 2 \times 2} \times \underline{11 \times 11 \times 11}$$
$$= 2^3 \times 11^3$$
$$= (2 \times 11)^3$$
$$= (22)^3$$

$\therefore \sqrt[3]{10648} = 22$

અપૂર્ણાંક અને દશાંશ-અપૂર્ણાંકનું ઘનમૂળ શોધવું :

આપણે જેમ પૂર્ણાંક પૂર્ણઘન સંખ્યાનું ઘનમૂળ શોધતાં શીખ્યાં, તે જ રીતે અપૂર્ણાંક પૂર્ણઘન સંખ્યાનું ઘનમૂળ શોધતાં શીખીએ.

ઉદાહરણ 11 : $\sqrt[3]{\frac{27000}{8000}}$ અથવા $\frac{27000}{8000}$ નું અવયવની રીતે ઘનમૂળ શોધો.

2	27000
2	13500
2	6750
5	3375
5	675
5	135
3	27
3	9
3	3
	1

2	8000
2	4000
2	2000
2	1000
2	500
2	250
5	125
5	25
5	5
	1

$$\frac{27000}{8000} = \frac{2\times2\times2\times5\times5\times5\times3\times3\times3}{2\times2\times2\times2\times2\times2\times5\times5\times5}$$
$$= \frac{2^3\times5^3\times3^3}{2^3\times2^3\times5^3}$$
$$= \frac{(2\times5\times3)^3}{(2\times2\times5)^3}$$
$$= \frac{(30)^3}{(20)^3}$$

$\sqrt[3]{\frac{27000}{8000}} = \sqrt{\frac{(30)^3}{(20)^3}} = \frac{30}{20}$

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઉદાહરણ 12 : $\sqrt[3]{\frac{19683}{15625}}$ અથવા $\frac{19683}{15625}$ નું અવયવની રીતે ઘનમૂળ શોધો.

3	19683
3	6561
3	2187
3	729
3	243
3	81
3	27
3	9
3	3
	1

5	15625
5	3125
5	625
5	125
5	25
5	5
	1

$$\frac{19683}{15625} = \frac{3\times3\times3\times3\times3\times3\times3\times3\times3}{5\times5\times5\times5\times5\times5} = \frac{3^3\times3^3\times3^3}{5^3\times5^3} = \frac{(3\times3\times3)^3}{(5\times5)^3} = \frac{(27)^3}{(25)^3}$$

$$\sqrt[3]{\frac{19683}{15625}} = \sqrt{\frac{(27)^3}{(25)^3}} = \frac{27}{25}$$

ઉદાહરણ 13 : $\sqrt[3]{1.331}$ અથવા 1.331 નું અવયવની રીતે ઘનમૂળ શોધો.

$1.331 = \frac{1331}{1000}$ થાય.

11	1331
11	121
11	11
	1

2	1000
2	500
2	250
5	125
5	25
5	5
	1

$$\frac{1331}{1000} = \frac{11\times11\times11}{2\times2\times2\times5\times5\times5} = \frac{11^3}{(2^3\times5^3)} = \frac{11^3}{(2\times5)^3} = \frac{11^3}{10^3}$$

$$\sqrt[3]{1.331} = \sqrt{\frac{11^3}{10^3}} = \frac{11}{10} = 1.1$$

ઉદાહરણ 14 : $\sqrt[3]{12.167}$ અથવા 12.167 નું અવયવની રીતે ઘનમૂળ શોધો.

$12.167 = \frac{12167}{1000}$ થાય.

23	12167
23	529
23	23
	1

2	1000
2	500
2	250
5	125
5	25
5	5
	1

$$\frac{12167}{1000} = \frac{23\times23\times23}{2\times2\times2\times5\times5\times5} = \frac{23^3}{2^3\times5^3} = \frac{23^3}{(2\times5)^3} = \frac{23^3}{10^3}$$

$$\sqrt[3]{12.167} = \sqrt{\frac{23^3}{10^3}} = \frac{23}{10} = 2.3$$

- **અનુમાનની રીતે ઘનમૂળ શોધવું :**

આપેલ સંખ્યા પૂર્ણઘન હોય તો જ તે સંખ્યાનું ઘનમૂળ અનુમાન દ્વારા શોધી શકાય છે.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઉદાહરણ 15 : 4913 નું ઘનમૂળ અનુમાનની રીતે શોધો.

$\sqrt[3]{4913}$

4913

1 7

સમજ :

પગલું 1 : આપેલ સંખ્યાના બે ભાગ પાડો. સો, દશક અને એકમથી બનતી સંખ્યાનો એક ભાગ અને બાકીના અંકથી બનતી સંખ્યા બીજો ભાગ.
અહીં 4913 માં 913 એક ભાગ અને 4 બીજો ભાગ.

પગલું 2 : અહીં પ્રથમ ભાગ 913 છે. જેનાં એકમના અંક 3 છે. અહીં 1 થી 9 વચ્ચે કઈ સંખ્યાના ઘન કરવાથી એકમના અંકમાં 3 આવે ? આ સંખ્યા 7 છે.

પગલું 3 : બીજા ભાગની સંખ્યા કે જે બે સંખ્યાના ઘનની વચ્ચે હોય તે સંખ્યાઓ પૈકી નાની સંખ્યા છે. અહીં બીજો ભાગ 4 છે. તે $1^3 = 1$ અને $2^3 = 8$ની વચ્ચેની સંખ્યા છે. 1 અને 2 પૈકી 1 નાની છે. 1 એ પૂર્ણઘન સંખ્યાના ઘનમૂળના દશકના અંક બનશે.

$\therefore \sqrt[3]{4913} = 17$

ઉદાહરણ 16 : 15625નું ઘનમૂળ અનુમાનની રીતે શોધો.

$\sqrt[3]{15625}$

15 625

2 5

સમજ :

પગલું 1 : આપેલ પૂર્ણઘન સંખ્યાના બે ભાગ પાડો. સો, દશક અને એકમથી બનતી સંખ્યાનો એક ભાગ તથા બાકીના અંકથી બનતી સંખ્યાનો બીજો ભાગ.
અહીં, 15625ના બે ભાગ કરતાં પ્રથમ ભાગ 625 અને બીજો ભાગ 15 થશે.

પગલું 2 : અહીં પ્રથમ ભાગ 625 છે. જેનો એકમનો અંક 5 છે. માટે આ પૂર્ણઘન સંખ્યાના ઘનમૂળનો એકમનો અંક 5 થશે.

પગલું 3 : બીજા ભાગની સંખ્યા જે બે સંખ્યાના ઘનની વચ્ચે હોય તે સંખ્યાઓ પૈકી નાની સંખ્યા લો. અહીં, બીજો ભાગ 15 છે. તે $2^3 = 8$ અને $3^3 = 27$ની વચ્ચેની સંખ્યા છે. 2 અને 3 પૈકી 2 નાની સંખ્યા છે. આમ, 2 એ પૂર્ણઘન સંખ્યાના ઘનમૂળનો દશકનો અંક બનશે.

$\therefore \sqrt[3]{15625} = 25$

નોંધ : બીજો ભાગ પૂર્ણઘન હોય તો તેના ઘનમૂળનો અંક લખવો.

1. નીચે આપેલી સંખ્યાઓનું અવયવની રીતે ઘનમૂળ શોધો :

(1) $\frac{8}{27}$ (2) $\frac{27}{125}$ (3) $\frac{125}{729}$ (4) $\frac{2744}{2197}$ (5) $\frac{3375}{4096}$

(6) 0.8 (7) 0.125 (8) 0.216 (9) 4.913 (10) 5.832

2. નીચે આપેલી સંખ્યાઓનું અનુમાનની રીતે ઘનમૂળ શોધો :

(1) 8000 (2) 9261 (3) 13824 (4) 15625 (5) 19683

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સ્વાધ્યાય

1. નીચે આપેલી સંખ્યાઓના એકમના અંકના આધારે જણાવો કે તેમનો ઘન કરવાથી મળતી સંખ્યાના એકમનો અંક કયો હશે :
   (1) 711 (2) 408 (3) 544 (4) 57 (5) 26 (6) 70
2. નીચે આપેલી પૂર્ણઘન સંખ્યાઓના એકમના અંકના આધારે જણાવો કે તેમનો ઘનમૂળનો એકમનો અંક કયો હશે :
   (1) 216 (2) 2197 (3) 2744 (4) 6859 (5) 42875 (6) 125000
3. નીચેની સંખ્યાઓ પૂર્ણઘન સંખ્યાઓ છે કે કેમ ? શા માટે ?
   (1) 400 (2) 9000 (3) 343 (4) 17576
4. નીચે આપેલી સંખ્યાઓને નાનામાં નાની કઈ સંખ્યા વડે ગુણવાથી તે પૂર્ણઘન બને ?
   (1) 675 (2) 392 (3) 968 (4) 875
5. નીચે આપેલી સંખ્યાઓને નાનામાં નાની કઈ સંખ્યા વડે ભાગવાથી તે પૂર્ણઘન બને ?
   (1) 1536 (2) 8019 (3) 7000 (4) 5400
6. નીચે આપેલી સંખ્યાઓનું અવયવની રીતે ઘનમૂળ શોધો :
   (1) 512 (2) 3375 (3) 17576 (4) 35937 (5) 32768 (6) 29791
7. નીચે આપેલી સંખ્યાઓનું અનુમાનની રીતે ઘનમૂળ શોધો :
   (1) 4096 (2) 42875 (3) 85184 (4) 54872 (5) 74088 (6) 140608

જવાબો

મહાવરો : 1

1. (1) 1 (2) 2 (3) 4 (4) 3 (5) 6 (6) 5 (7) 9 (8) 0
2. (1) 9 (2) 6 (3) 5 (4) 4 (5) 3 (6) 0 (7) 8 (8) 3

મહાવરો : 2

1. (1) પૂર્ણઘન સંખ્યા છે. (2) પૂર્ણઘન સંખ્યા નથી. (3) પૂર્ણઘન સંખ્યા નથી. (4) પૂર્ણઘન સંખ્યા નથી. (5) પૂર્ણઘન સંખ્યા છે. (6) પૂર્ણઘન સંખ્યા છે. (7) પૂર્ણઘન સંખ્યા છે. (8) પૂર્ણઘન સંખ્યા છે.

મહાવરો : 3

1. (1) 2 (2) 10 (3) 3 (4) 9 (5) 25 2. (1) 11 (2) 7 (3) 7 (4) 5 (5) 4

મહાવરો : 4

1. (1) $\frac{2}{3}$ (2) $\frac{3}{5}$ (3) $\frac{5}{9}$ (4) $\frac{14}{13}$ (5) $\frac{15}{16}$ (6) 0.2 (7) 0.5 (8) 0.6 (9) 1.7 (10) 1.8
2. (1) 20 (2) 21 (3) 24 (4) 25 (5) 27

સ્વાધ્યાય

1. (1) 1 (2) 2 (3) 4 (4) 3 (5) 6 (6) 0 2. (1) 6 (2) 3 (3) 4 (4) 9 (5) 5 (6) 0
3. (1) પૂર્ણઘન સંખ્યા નથી. (2) પૂર્ણઘન સંખ્યા નથી. (3) પૂર્ણઘન સંખ્યા છે. (4) પૂર્ણઘન સંખ્યા છે.
4. (1) 5 (2) 7 (3) 11 (4) 49
5. (1) 3 (2) 11 (3) 7 (4) 5
6. (1) 8 (2) 15 (3) 26 (4) 33 (5) 32 (6) 31 7. (1) 16 (2) 35 (3) 44 (4) 38 (5) 42 (6) 52

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

2 સંમેય સંખ્યાઓ (Rational Numbers)

- **યાદ કરીએ :**
  - **પ્રાકૃતિક સંખ્યાઓ :**
    - 1, 2, 3, ... પ્રાકૃતિક સંખ્યાઓ છે.
    - સૌથી નાની પ્રાકૃતિક સંખ્યા 1 છે.
    - પ્રાકૃતિક સંખ્યાઓને ગણતરીની સંખ્યાઓ પણ કહે છે. તેને ધન પૂર્ણાંકો પણ કહેવાય.
    - તે અસંખ્ય છે.
  - **પૂર્ણ સંખ્યાઓ :**
    - 0, 1, 2, 3, ... પૂર્ણ સંખ્યાઓ છે.
    - શૂન્ય સૌથી નાની પૂર્ણ સંખ્યા છે.
    - તે અસંખ્ય છે.
  - **ઋણ પૂર્ણાંકો :**
    - (–1), (–2), (–3), ... વગેરે ઋણ પૂર્ણાંકો છે.
    - તે અસંખ્ય છે.
  - **પૂર્ણાંક સંખ્યાઓ :**
    - ધન પૂર્ણાંકો, ઋણ પૂર્ણાંકો અને શૂન્યના સમૂહને પૂર્ણાંક સંખ્યાઓ કહેવાય.
    - તે અસંખ્ય છે.
  - **અપૂર્ણાંક :**
    - $\frac{1}{2}, \frac{2}{5}, \frac{3}{7}, \frac{4}{8}$, ... વગેરે ધન અપૂર્ણાંકો છે.
    - $\left(-\frac{1}{5}\right), \left(-\frac{3}{5}\right), \left(-\frac{7}{8}\right), \left(-\frac{5}{7}\right)$, ... વગેરે ઋણ અપૂર્ણાંકો છે.
    - $\frac{1}{2}$માં અંશ 1 અને છેદ 2 છે. તેવી જ રીતે $\left(-\frac{3}{5}\right)$માં અંશ (–3) અને છેદ 5 છે.
  - **દશાંશ અપૂર્ણાંક :**
    - 0.5, –0.2, 1.3, 2.25 વગેરે દશાંશ અપૂર્ણાંકો છે.
    - દશાંશ અપૂર્ણાંકોને નીચેની રીતે પણ દર્શાવી શકાય :

$0.5 = \frac{5}{10}$	$1.3 = \frac{13}{10}$
$-0.2 = \frac{-2}{10}$	$2.25 = \frac{225}{100}$

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

નવું શીખીએ :

આપણે જાણીએ છીએ કે, $\frac{2}{5}$, $-\frac{4}{7}$ વગેરે અપૂર્ણાંક સંખ્યાઓ છે, -0.3, 0.7 વગેરે દશાંશ-અપૂર્ણાંક છે, જેને સાદા અપૂર્ણાંક તરીકે અનુક્રમે $-\frac{3}{10}$ અને $\frac{7}{10}$ તરીકે દર્શાવી શકાય છે. એ જ રીતે 5, 9, 0 વગરે સંખ્યાને પણ સાદા અપૂર્ણાંક તરીકે સંખ્યાના છેદમાં 1 લખીને દર્શાવી શકાય છે.

જેમકે, $5 = \frac{5}{1}$, $9 = \frac{9}{1}$, $0 = \frac{0}{1}$ વગેરે.

આમ, કોઈ પણ સંખ્યાને $\frac{p}{q}$ સ્વરૂપે દર્શાવી શકાય છે.

- $\frac{p}{q}$ સ્વરૂપે દર્શાવેલી સંખ્યાઓને સંમેય સંખ્યાઓ કહેવાય જ્યાં p એ શૂન્ય, ધન કે ઋણ પૂર્ણાંક અને q એ ધન પૂર્ણાંક છે.

આમ, પૂર્ણાંકો અને અપૂર્ણાંકોના સમૂહને સંમેય સંખ્યાઓ કહેવાય છે.

આપેલી સંમેય સંખ્યા $\frac{p}{q}$માં

- જો p ધન પૂર્ણાંક હોય તો એ ધન સંમેય સંખ્યા છે.

  દા.ત., $\frac{1}{2}$, $\frac{2}{3}$, $\frac{2}{5}$, $\frac{5}{7}$, $\frac{2}{10}$, 5, ...

- જો p ઋણ પૂર્ણાંક હોય તો એ ઋણ સંમેય સંખ્યા છે.

  દા.ત., $-\frac{2}{3}$, $-\frac{5}{7}$, $-\frac{5}{8}$, $-\frac{3}{7}$, -11, -20, ...

- જો p શૂન્ય હોય તો એ શૂન્ય સંમેય સંખ્યા છે.

  દા.ત., 0

- **નીચેના કોષ્ટકમાં માંગેલ સંખ્યાનાં ઉદાહરણો લખો :**

ઋણ સંમેય સંખ્યા	ધન સંમેય સંખ્યા	શૂન્ય સંમેય સંખ્યા

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સંમેય સંખ્યાનું સંખ્યારેખા પર નિરૂપણ :

તમે પૂર્ણાંક સંખ્યાનું સંખ્યારેખા પર નિરૂપણ કરતાં શીખી ગયા છો. તો ચાલો ફરીથી એકવાર યાદ કરીએ. નીચેની સૂચના મુજબની સંખ્યાનું સંખ્યારેખા પર નિરૂપણ કરો :

(1) 3 થી નાની કોઈ પણ બે પૂર્ણ સંખ્યાઓ.

(2) (–4) થી મોટી અને (–1) થી નાની બે પૂર્ણાંક સંખ્યાઓ.

(3) 2 થી મોટી અને 4થી નાની પૂર્ણાંક સંખ્યા.

ઉદાહરણ 1 : $\frac{1}{8}$નું સંખ્યારેખા પર નિરૂપણ કરો.

$\frac{1}{8} < 1$, તેથી $\frac{1}{8}$ નું સંખ્યારેખા પર 0 અને 1ની વચ્ચે નિરૂપણ કરી શકાય. $\frac{1}{8}$ના છેદમાં 8 હોવાથી 0 થી 1 સુધી સંખ્યારેખાના એકસરખા આઠ ભાગ કરવા પડે. તેના પ્રથમ ભાગને $\frac{1}{8}$, બીજા ભાગને $\frac{2}{8}$, ... તેમ ક્રમશઃ નિરૂપણ કરવું. $\frac{1}{8}$ ને ◉ વડે દર્શાવો.



વિચારો : 0 થી 1ની વચ્ચે સંખ્યારેખા પર કેટલી સંમેય સંખ્યાઓને દર્શાવી શકાય ?

ઉદાહરણ 2 : $1\frac{2}{5}$ નું સંખ્યારેખા પર નિરૂપણ કરો.

$1\frac{2}{5}$માં 1 પૂર્ણાંક અને $\frac{2}{5}$ અપૂર્ણાંક છે. તેથી $1\frac{2}{5}$ એ 1 અને 2ની વચ્ચે દર્શાવવા પડે. $\frac{2}{5}$ના છેદમાં 5 હોવાથી 1થી 2ની વચ્ચે સંખ્યારેખાના 5 સરખા ભાગ કરવા પડે. $\frac{2}{5}$ના અંશમાં 2 હોવાથી બીજા ભાગ પર $1\frac{2}{5}$ દર્શાવાય.



ઉદાહરણ 3 : સંખ્યારેખા પર 0.8 નું નિરૂપણ કરો.

$0.8 = \frac{8}{10}$માં અંશ 8 અને છેદ 10 છે.

જુઓ, 0 થી 1ના દસ સરખા ભાગ કરતાં દરેક ભાગ $\frac{1}{10}$ એકમ દર્શાવે છે, $\frac{8}{10}$ના અંશમાં 8 હોવાથી આઠમા બિંદુએ 0.8ને દર્શાવેલ છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

બીજી રીત : $\frac{8}{10}$ એટલે $\frac{4}{5}$ થાય તેથી સંખ્યારેખા પર 0 થી 1ના પાંચ સરખા ભાગ કરીને ચોથા ભાગ પર $\frac{4}{5}$ મૂકવા.

ઉદાહરણ 4 : $\left(-1\frac{2}{3}\right)$ને સંખ્યારેખા પર દર્શાવો.

$(-1) > \left(-1\frac{2}{3}\right) > (-2)$ તેથી સંખ્યારેખા પર $\left(-1\frac{2}{3}\right)$ને (-1) અને (-2) ની વચ્ચે દર્શાવાય. $\left(-1\frac{2}{3}\right)$ એ (-2) કરતાં મોટી અને (-1) કરતાં નાની છે. તેથી (-2) થી (-1) સુધીના રેખાખંડના ત્રણ સરખા ભાગ કરીને (-1)થી ડાબી તરફ બીજા બિંદુએ $\left(-1\frac{2}{3}\right)$ દર્શાવાય.

વિચારો : (−2.5) ને સંખ્યારેખા પર ક્યાં દર્શાવશો ?

- **નીચે આપેલી સંમેય સંખ્યાઓનું અલગ-અલગ સંખ્યારેખા પર નિરૂપણ કરો :**

(1) $\left(-1\frac{4}{5}\right)$ (2) $2\frac{1}{4}$ (3) $\frac{4}{7}$ (4) $\left(-\frac{3}{5}\right)$ (5) 0.5 (6) (−1.5)

*

- **સંમેય સંખ્યાની વિરોધી સંખ્યા અને વ્યસ્ત સંખ્યા :**

વિરોધી સંખ્યા : $\frac{2}{5}$માં એવી કઈ સંખ્યા ઉમેરીએ તો પરિણામ શૂન્ય મળે ?

દરેક સંમેય સંખ્યા માટે હંમેશા એક એવી સંખ્યા મળે જ કે જેથી તે બંને સંમેય સંખ્યાઓનો સરવાળો શૂન્ય થાય, આવી સંમેય સંખ્યાઓને એકબીજાની વિરોધી સંખ્યાઓ કહેવાય.

દા.ત., $\frac{2}{5} + \left(-\frac{2}{5}\right) = 0$ થાય.

તેથી $\frac{2}{5}$ અને $\left(-\frac{2}{5}\right)$ એકબીજાની વિરોધી સંખ્યાઓ છે.

$\frac{1}{3} + \left(-\frac{1}{3}\right) = 0$

તેથી $\frac{1}{3}$ અને $\left(-\frac{1}{3}\right)$ એકબીજાની વિરોધી સંખ્યાઓ છે.

$\left(-\frac{4}{7}\right) + \left(\frac{4}{7}\right) = 0$

તેથી $\left(-\frac{4}{7}\right)$ અને $\left(\frac{4}{7}\right)$ એકબીજાની વિરોધી સંખ્યાઓ છે.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

- **વ્યસ્ત સંખ્યા :** 3ને એવી કઈ વડે ગુણીએ તો બંનેનો ગુણાકાર 1 આવે ?

શૂન્ય સિવાયની કોઈ પણ સંમેય સંખ્યા માટે એક એવી સંમેય સંખ્યા મળે કે જેથી તે બંનેનો ગુણાકાર 1 થાય તો આ બંને સંમેય સંખ્યાઓને એકબીજાની વ્યસ્ત સંખ્યાઓ કહેવાય.

દા.ત., $2 \times \frac{1}{2} = 1$

અહીં 2 અને $\frac{1}{2}$ એકબીજાની વ્યસ્ત સંખ્યાઓ છે.

2ની વ્યસ્ત સંખ્યા $\frac{1}{2}$ અને $\frac{1}{2}$ની વ્યસ્ત સંખ્યા 2 છે.

$\frac{1}{5} \times 5 = 1$

અહીં $\frac{1}{5}$ અને 5 એકબીજાની વ્યસ્ત સંખ્યાઓ છે.

$\left(-\frac{4}{7}\right) \times \left(-\frac{7}{4}\right) = 1$

અહીં $\left(-\frac{4}{7}\right)$ અને $\left(-\frac{7}{4}\right)$ એકબીજાની વ્યસ્ત સંખ્યાઓ છે.

કોઈ પણ સંખ્યાને 0 વડે ગુણવાથી 0 જ આવે. તેથી શૂન્યની વ્યસ્ત સંખ્યાનું અસ્તિત્વ નથી.

1. નીચે આપેલ સંખ્યાઓની વિરોધી સંખ્યાઓ લખો :

(1) $\left(-\frac{3}{4}\right)$ (2) 0 (3) (–2) (4) $\frac{13}{20}$ (5) (–0.7)

(6) 0.8 (7) 0.01 (8) $1\frac{2}{3}$ (9) $\frac{2}{5}$ (10) $\frac{7}{8}$

2. નીચે આપેલ સંખ્યાઓની વ્યસ્ત સંખ્યાઓ લખો :

(1) (–1) (2) $\left(-\frac{5}{8}\right)$ (3) $\frac{1}{8}$ (4) $\frac{2}{5}$ (5) (–0.7)

(6) 0.8 (7) 0.01 (8) $1\frac{2}{3}$ (9) $\frac{2}{5}$ (10) $\frac{7}{8}$

*

- **સંમેય સંખ્યાઓના સરવાળા અને ગુણાકાર વિશેના ગુણધર્મો :**

આપણે પૂર્ણાંક સંખ્યાઓના સરવાળા અને ગુણાકાર વિશેના ગુણધર્મો શીખી ગયા છીએ. હવે, સંમેય સંખ્યાઓના સરવાળા અને ગુણાકારના ગુણધર્મો વિશે શીખીએ.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સંમેય સંખ્યાઓના સરવાળા વિશેના ગુણધર્મો :

નીચેની સંમેય સંખ્યાઓના સરવાળા કરીને પરિણામ નોંધો :

ક્રમ	સરવાળા	પરિણામ	ગુણધર્મ
(1)	$\frac{4}{7}+\left(-\frac{2}{3}\right)=\ldots$ $\left(-\frac{1}{4}\right)+\frac{3}{8}=\ldots$	પરિણામમાં મળતી સંખ્યા સંમેય સંખ્યા છે ?	**સંવૃતતાનો ગુણધર્મ :** કોઈ પણ બે સંમેય સંખ્યાઓનો સરવાળો સંમેય સંખ્યા જ થાય છે.
(2)	$\frac{4}{7}+\left(-\frac{2}{3}\right)=\ldots$ $\left(-\frac{2}{3}\right)+\frac{4}{7}=\ldots$	ક્રમ બદલતા પરિણામ કેવું મળ્યું ?	**ક્રમનો ગુણધર્મ :** બે સંમેય સંખ્યાઓનો સરવાળો ગમે તે ક્રમમાં કરવામાં આવે તો પણ પરિણામ એક સરખું મળે છે.
(3)	$\left[\left(-\frac{3}{4}\right)+\frac{1}{2}\right]+\frac{2}{6}=\ldots$ $\left(-\frac{3}{4}\right)+\left[\frac{1}{2}+\frac{2}{6}\right]=\ldots$	જૂથ બદલીને સરવાળો કરતાં કેવું પરિણામ મળ્યું ?	**જૂથનો ગુણધર્મ :** ત્રણ સંમેય સંખ્યાઓનો સરવાળો કરવા આપેલી સંખ્યાઓમાંથી કોઈ પણ બે સંખ્યાઓના સરવાળામાં ત્રીજી સંખ્યા ઉમેરતાં પરિણામ એકસરખું જ મળે છે.
(4)	$\left(-\frac{3}{4}\right)+0=\ldots$ $0+\frac{2}{3}=\ldots$	શૂન્ય સાથે સરવાળો કરતાં કેવું પરિણામ મળ્યું ?	**તટસ્થ સંખ્યાનું અસ્તિત્વ :** કોઈ પણ સંમેય સંખ્યા અને શૂન્યનો સરવાળો એ જ સંમેય સંખ્યા મળે છે. એટલે કે શૂન્ય સરવાળા વિશેની તટસ્થ સંખ્યા છે.
(5)	$\left(-\frac{7}{17}\right)+\frac{7}{17}=\ldots$ $\frac{3}{5}+\left(-\frac{3}{5}\right)=\ldots$	એકબીજાની વિરોધી સંમેય સંખ્યાઓનો સરવાળો કરતાં પરિણામ શું આવ્યું ?	દરેક સંમેય સંખ્યા માટે એવી વિરોધી સંખ્યાનું અસ્તિત્વ છે કે જેથી તે બંને સંખ્યાઓનો સરવાળો શૂન્ય થાય.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સંમેય સંખ્યાઓના ગુણાકાર વિશેના ગુણધર્મો :

નીચેની સંમેય સંખ્યાઓના ગુણાકાર કરીને પરિણામ નોંધો :

ક્રમ	સરવાળા	પરિણામ	ગુણધર્મ
(1)	$0 \times \frac{5}{9} = \ldots$ $\left(-\frac{3}{2}\right) \times \frac{2}{6} = \ldots$	પરિણામમાં મળતી સંખ્યા સંમેય સંખ્યા છે ?	**સંવૃતતાનો ગુણધર્મ :** કોઈ પણ બે સંમેય સંખ્યાઓનો ગુણાકાર સંમેય સંખ્યા જ થાય છે.
(2)	$\left(-\frac{2}{5}\right) \times \frac{10}{3} = \ldots$ $\frac{10}{3} \times \left(-\frac{2}{5}\right) = \ldots$	સંખ્યાનો ક્રમ બદલીને ગુણાકાર કરતાં કેવું પરિણામ મળે ?	**ક્રમનો ગુણધર્મ :** બે સંમેય સંખ્યાઓનો ગુણાકાર ગમે તે ક્રમમાં કરવામાં આવે તો પણ પરિણામ એક સરખું મળે છે.
(3)	$\left[\left(-\frac{1}{3}\right) \times \frac{3}{4}\right] \times \frac{6}{7} = \ldots$ $\left(-\frac{1}{3}\right) \times \left[\frac{3}{4} \times \frac{6}{7}\right] = \ldots$	જૂથ બદલીને ગુણાકાર કરતાં કેવું પરિણામ મળ્યું ?	**જૂથનો ગુણધર્મ :** ત્રણ સંમેય સંખ્યાઓનો ગુણાકાર કરવા આપેલી સંખ્યાઓમાંથી કોઈ પણ બે સંખ્યાઓના ગુણાકાર સાથે ત્રીજી સંખ્યા સાથે ગુણાકાર કરતાં પરિણામ એકસરખું જ મળે છે.
(4)	$\left(-\frac{4}{9}\right) \times 1 = \ldots$ $\frac{3}{7} \times 1 = \ldots$	1 સાથે ગુણાકાર કરતાં કેવું પરિણામ મળ્યું ?	**તટસ્થ સંખ્યાનું અસ્તિત્વ :** કોઈ પણ સંમેય સંખ્યા અને 1 નો ગુણાકાર તે જ સંમેય સંખ્યા મળે છે. એટલે કે "1 એ ગુણાકાર વિશેની તટસ્થ સંખ્યા છે."
(5)	$\frac{3}{5} \times \frac{5}{3} = \ldots$ $\left(-\frac{1}{2}\right) \times \left(-\frac{2}{1}\right) = \ldots$	એકબીજાની વ્યસ્ત સંમેય સંખ્યાઓનો ગુણાકાર કરતાં કેવું પરિણામ મળ્યું ?	**વ્યસ્ત સંખ્યાનું અસ્તિત્વ :** શૂન્ય સિવાયની કોઈ પણ સંમેય સંખ્યા માટે એક સંમેય સંખ્યા મળે જ કે જેથી તે બે સંખ્યાઓનો ગુણાકાર 1 થાય.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ક્રમ	સરવાળા	પરિણામ	ગુણધર્મ
(6)	$\left(-\frac{3}{5}\right) \times \left[\left(-\frac{3}{4}\right) + \frac{2}{3}\right] = \ldots$	સંમેય સંખ્યાઓમાં ગુણાકારનું સરવાળા પર વિભાજન થઈ શકે ખરું ?	**વિભાજનનો ગુણધર્મ :** સંમેય સંખ્યાઓમાં ગુણાકારનું સરવાળા પર વિભાજન થઈ શકે છે.

1. ખાલી જગ્યા પૂરો :

(1) (–5)એ પૂર્ણાંક સંખ્યા છે પણ ..... સંખ્યા નથી. (સંમેય, પ્રાકૃતિક)

(2) શૂન્ય એ પૂર્ણાંક સંખ્યા છે અને તેનો સમાવેશ ..... સંખ્યાઓમાં પણ થાય છે. (સંમેય, પ્રાકૃતિક)

(3) $\frac{5}{7}$ એ ..... છે. (પૂર્ણાંક, અપૂર્ણાંક)

(4) $\frac{3}{8}$માં ..... અંશ અને ..... છેદ છે. (8, 3, 83)

(5) $2\frac{3}{8}$માં ..... એ પૂર્ણાંક છે અને .... એ અપૂર્ણાંક છે. $\left(8, \frac{3}{8}, 2\right)$

2. આપેલી સંખ્યાઓને $\frac{p}{q}$ સ્વરૂપે દર્શાવો :

(1) $2\frac{1}{7}$ (2) 0.6 (3) $\left(-3\frac{1}{4}\right)$ (4) 0 (5) 28

3. નીચેના દરેક વિધાનમાં સંમેય સંખ્યાઓના કયા ગુણધર્મોનો ઉપયોગ થયો છે તે જણાવો :

(1) $\frac{2}{7} + \left(-\frac{7}{4}\right) = \left(-\frac{7}{4}\right) + \frac{2}{7}$

(2) $\left(-\frac{1}{8}\right) \times \frac{1}{7} = \frac{1}{7} \times \left(-\frac{1}{8}\right)$

(3) $\frac{1}{2} \times \left(\frac{1}{3} \times \frac{1}{4}\right) = \left(\frac{1}{2} \times \frac{1}{3}\right) \times \frac{1}{4}$

(4) $\frac{1}{5} \times \left(\frac{1}{2} + \frac{1}{3}\right) = \left(\frac{1}{5} \times \frac{1}{2}\right) + \left(\frac{1}{5} \times \frac{1}{3}\right)$

(5) $\left(-\frac{3}{5}\right) + 0 = \left(-\frac{3}{5}\right)$

(6) $\frac{1}{4} + \left(\frac{1}{6} + \frac{1}{3}\right) = \left(\frac{1}{4} + \frac{1}{6}\right) + \frac{1}{3}$

જવાબો

મહાવરો : 2

1. (1) $\frac{3}{4}$ (2) 0 (3) 2 (4) $\left(-\frac{13}{20}\right)$ (5) 0.7

(6) (–0.8) (7) (–0.01) (8) $\left(-1\frac{2}{3}\right)$ (9) $\left(-\frac{2}{5}\right)$ (10) $\left(-\frac{7}{8}\right)$

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

2. (1) (-1) (2) $\left(-\frac{8}{5}\right)$ (3) 8 (4) $\frac{5}{2}$ (5) $-\frac{10}{7}$ (6) $\frac{10}{8}$ (7) $\frac{100}{1}$ (8) $\frac{3}{5}$ (9) $\frac{5}{2}$ (10) $\frac{8}{7}$

સ્વાધ્યાય

1. (1) પ્રાકૃતિક (2) સંમેય (3) અપૂર્ણાંક (4) 3, 8 (5) 2, $\frac{3}{8}$

2. (1) $\frac{15}{7}$ (2) $\frac{6}{10}$ (3) $\left(-\frac{13}{4}\right)$ (4) $\frac{0}{1}$ (5) $\frac{28}{1}$

3. (1) સરવાળાનો ક્રમનો ગુણધર્મ (2) ગુણાકારનો ક્રમનો ગુણધર્મ
(3) ગુણાકારનો જૂથનો ગુણધર્મ (4) વિભાજનનો ગુણધર્મ
(5) સરવાળામાં તટસ્થ સંખ્યાનું અસ્તિત્વ (6) સરવાળાનો જૂથનો ગુણધર્મ

માત્ર જાણકારી માટે

- **અસંમેય સંખ્યાઓ (Irrational Numbers) :**

$\sqrt{4} = 2$ એ પૂર્ણાંક છે અને તેથી સંમેય પણ છે.

$\sqrt{1.69} = 1.3$ પણ સંમેય છે.

$\sqrt[3]{8} = 2$ પણ સંમેય છે.

આ દરેકને $\frac{p}{q}$ સ્વરૂપે દર્શાવી શકાય છે. તેમજ પ્રત્યેક સંમેય સંખ્યાને સાન્ત અથવા અનંત આવૃત્ત દશાંશ સ્વરૂપે લખી શકાય.

જેમ કે, $\frac{1}{5} = 0.2$, $\frac{1}{8} = 0.125$, $\frac{1}{3} = 0.333...$, $\frac{1}{7} = 0.1428571428571...$

વળી $0.333...$ ને $0.\dot{3}$ અને $0.1428571428571...$ ને $0.\dot{1}42857\dot{1}$ પણ લખાય છે.

$0.123456789101112...$ સાન્ત હોવાની કે આવૃત્ત હોવાની કોઈ શક્યતા નથી. આવી સંખ્યાઓને અસંમેય સંખ્યાઓ કહે છે. આમ, જે સંખ્યાનું દશાંશ નિરૂપણ અનંત અને અનાવૃત્ત હોય તે સંખ્યા અસંમેય સંખ્યા કહેવાય છે.

દા.ત., $\sqrt{2}$, $\sqrt{3}$, π, $\frac{\sqrt{3}}{3}$

- **વાસ્તવિક સંખ્યાગણ (Real Numbers) :**

સંમેય અને અસંમેય સંખ્યાઓ મળીને જે ગણ મળે તેને વાસ્તવિક સંખ્યાઓનો ગણ કહે છે. તેનો સંકેત R છે.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

3 સંમેય ઘાતાંક (Rational Indices)

- **યાદ કરીએ :**

ચાલો, આપણે ધોરણ 7માં શીખેલા ઘાતાંકના નિયમોને યાદ કરીએ.

- **ખાલી જગ્યાઓ પૂરો :**

(1) $5^4 \times 5^3 = 5^{\cdots}$ (2) $7^5 \div 7^2 = 7^{\cdots}$

(3) $\frac{11^3}{11^5} = \frac{1}{11^{\cdots}}$ (4) $(9^3)^2 = 9^{\cdots}$

(5) $(\ldots)^3 = 4^3 \times m^3$ (6) $\left(\frac{2}{\ldots}\right)^5 = \frac{2^5}{3^5}$

- **નવું શીખીએ :**

- **પ્રાકૃતિક ઘાતાંકના નિયમો :**

(1) ઘાતના ગુણાકારનો નિયમ : અગાઉના ધોરણમાં શીખી ગયા તે મુજબ 'સમાન આધારવાળી બે ઘાતોનો ગુણાકાર કરતી વખતે તે જ આધાર પર ઘાતાંકોનો સરવાળો કરવામાં આવે છે.'

ઘાતનો ગુણાકાર	પુનરાવર્તી ગુણાકાર સ્વરૂપ	પરિણામ
$2^2 \times 2^3$	$\underline{2 \times 2} \times \underline{2 \times 2 \times 2}$	$2^5 = 2^{2+3}$
$(-8)^3 \times (-8)^4$	$\underline{(-8)\times(-8)\times(-8)} \times \underline{(-8)\times(-8)\times(-8)\times(-8)}$	$(-8)^7 = (-8)^{3+4}$
$x^2 \times x^4$	$\underline{x \times x} \times \underline{x \times x \times x \times x}$	$x^6 = x^{2+4}$
$\left(\frac{1}{2}\right)^2 \times \left(\frac{1}{2}\right)^5$	$\underline{\left(\frac{1}{2}\right)\times\left(\frac{1}{2}\right)} \times \underline{\left(\frac{1}{2}\right)\times\left(\frac{1}{2}\right)\times\left(\frac{1}{2}\right)\times\left(\frac{1}{2}\right)\times\left(\frac{1}{2}\right)}$	$\left(\frac{1}{2}\right)^7 = \left(\frac{1}{2}\right)^{2+5}$
$(\sqrt{3})^2 \times (\sqrt{3})^3 \times (\sqrt{3})^4$	$\underline{(\sqrt{3})\times(\sqrt{3})} \times \underline{(\sqrt{3})\times(\sqrt{3})\times(\sqrt{3})} \times \underline{(\sqrt{3})\times(\sqrt{3})\times(\sqrt{3})\times(\sqrt{3})}$	$(\sqrt{3})^9 = (\sqrt{3})^{2+3+4}$

આમ, $a^m \times a^n = a^{m+n}$; જ્યાં $a \in R$ તથા $m, n \in N$

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઉદાહરણ 1 : સાદું રૂપ આપો :

(1) $(0.3)^2 \times (0.3)^4 \times (0.3)$

$= (0.3)^{2+4+1}$

$= (0.3)^7$

(2) $(\sqrt{7})^2 \times (\sqrt{7})^7 \times (\sqrt{7})^3$

$= (\sqrt{7})^{2+7+3}$

$= (\sqrt{7})^{12}$

(3) $\left(-\frac{4}{5}\right)^6 \times \left(-\frac{4}{5}\right)^{18} \times \left(-\frac{4}{5}\right)$

$= \left(-\frac{4}{5}\right)^{6+18+1}$

$= \left(-\frac{4}{5}\right)^{25}$

(2) ઘાતના ભાગાકારનો નિયમ : સમાન આધારવાળી બે ઘાતોનો ભાગાકાર કરતી વખતે તે જ આધાર પર ઘાતાંકોની બાદબાકી કરવામાં આવે છે.

ઘાતનો ભાગાકાર	પુનરાવર્તી ગુણાકાર સ્વરૂપ	પરિણામ
$(-3)^6 \div (-3)^4$	$\frac{(-3)^6}{(-3)^4} = \frac{(-3)\times(-3)\times(-3)\times(-3)\times(-3)\times(-3)}{(-3)\times(-3)\times(-3)\times(-3)}$	$(-3)^2 = (-3)^{6-4}$
$\left(\frac{1}{2}\right)^3 \div \left(\frac{1}{2}\right)^4$	$\frac{\left(\frac{1}{2}\right)^3}{\left(\frac{1}{2}\right)^4} = \frac{\left(\frac{1}{2}\right)\times\left(\frac{1}{2}\right)\times\left(\frac{1}{2}\right)}{\left(\frac{1}{2}\right)\times\left(\frac{1}{2}\right)\times\left(\frac{1}{2}\right)\times\left(\frac{1}{2}\right)}$	$\frac{1}{\left(\frac{1}{2}\right)^1} = \frac{1}{\left(\frac{1}{2}\right)^{4-3}}$
$(\sqrt{m})^4 \div (\sqrt{m})^4$ જ્યાં $m \neq 0$	$\frac{(\sqrt{m})^4}{(\sqrt{m})^4} = \frac{(\sqrt{m})\times(\sqrt{m})\times(\sqrt{m})\times(\sqrt{m})}{(\sqrt{m})\times(\sqrt{m})\times(\sqrt{m})\times(\sqrt{m})} = 1$	$1 = (\sqrt{m})^{4-4}$ $= (\sqrt{m})^0$

આમ, (i) જો $m > n$ તથા $a \neq 0$ તો $a^m \div a^n = a^{m-n}$

(ii) જો $m < n$ તથા $a \neq 0$ તો $a^m \div a^n = \frac{1}{a^{n-m}}$

(iii) જો $a \neq 0$ તો $a^m \div a^m = a^{m-m} = a^0 = 1$

કોઈ પણ $a \neq 0$ માટે $a^0 = 1$ થાય.

ઉદાહરણ 2 : સાદું રૂપ આપો :

(1) $\left(\frac{1}{3}\right)^5 \div \left(\frac{1}{3}\right)^3$

$= \left(\frac{1}{3}\right)^{5-3}$

$= \left(\frac{1}{3}\right)^2$

(2) $\frac{(-7)^4}{(-7)^6}$

$= \frac{1}{(-7)^{6-4}}$

$= \frac{1}{(-7)^2}$

(3) $(-5)^7 \div (-5)^3$

$= (-5)^{7-3}$

$= (-5)^4$

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(4) $\frac{a^7}{a^{14}} \times a^{12}$

પહેલી રીત : $\frac{a^7}{a^{14}} \times a^{12}$, $(a \neq 0)$

$= \frac{1}{a^{14-7}} \times a^{12}$

$= \frac{a^{12}}{a^7}$

$= a^{12-7}$

$= a^5$

બીજી રીત : $\frac{a^7}{a^{14}} \times a^{12}$, $(a \neq 0)$

$= \frac{a^7 \times a^{12}}{a^{14}}$

$= \frac{a^{7+12}}{a^{14}}$

$= \frac{a^{19}}{a^{14}}$

$= a^{19-14}$

$= a^5$

(5) $y^{19} \div y^{19}$; $(y \neq 0)$

$= y^{19-19}$

$= y^0$

$= 1$

(3) ઘાતની ઘાતનો નિયમ :

ઘાતની ઘાત કરવા માટે તે જ આધાર પરના ઘાતાંકોનો ગુણાકાર કરવામાં આવે છે.

ઉદાહરણ : (1) $(2^2)^3 = 2^{2\times3} = 2^6$

(2) $[(-3)^4]^5 = (-3)^{4\times5} = (-3)^{20}$

(3) $\left[\left(\frac{1}{2}\right)^3\right]^4 = \left(\frac{1}{2}\right)^{3\times4} = \left(\frac{1}{2}\right)^{12}$

- જાતે ગણો :

(1) $(7^3)^4 = 7^{\cdots} = \ldots^{\cdots}$ (2) $(a^5)^2 = a^{\cdots} = \ldots^{\cdots}$

આમ, જો $(a^m)^n = a^{mn}$; જ્યાં $a \in R$ તથા $m, n \in N$

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઉદાહરણ 3 : સાદું રૂપ આપો :

(1) $(a^{10})^3 \div (a^6)^5,\ (a \neq 0)$

$= a^{10\times 3} \div a^{6\times 5}$

$= a^{30} \div a^{30}$

$= a^{30-30}$

$= a^0 = 1$

(2) $\dfrac{\left[(-2)^3\times(-2)^5\right]^2}{(-2)^7}$

$= \dfrac{\left[(-2)^{3+5}\right]^2}{(-2)^7}$

$= \dfrac{\left[(-2)^8\right]^2}{(-2)^7}$

$= \dfrac{(-2)^{16}}{(-2)^7}$

$= (-2)^{16-7} = (-2)^9$

(4) ગુણાકારની ઘાતનો નિયમ :

બે સંખ્યાના ગુણાકારની ઘાત તે બંને સંખ્યાની ઘાતનો ગુણાકાર છે.

ઉદાહરણ : (1) $(3 \times 4)^5 = 3^5 \times 4^5$

(2) $[(-3) \times 2]^4 = (-3)^4 \times 2^4$

જાતે ગણો : (1) $(8 \times 10)^3 = 8^{\cdots\cdots} \times 10^{\cdots\cdots}$ (2) $(a \times b)^5 = a^{\cdots\cdots} \times b^{\cdots\cdots}$

આમ જો $(ab)^n = a^n b^n$; જ્યાં $a,\ b \in R$ તથા $n \in N$

નોંધ : બે કરતાં વધુ સંખ્યાનો ગુણાકાર હોય તો આ નિયમ લાગુ પાડી શકાય.

ઉદાહરણ 4 : સાદું રૂપ આપો :

(1) $(-2ab)^5$

$= (-2)^5 a^5 b^5$

(2) $(ab^2c)^3$

$= a^3(b^2)^3c^3$

$= a^3b^6c^3$

(3) $(6a^3)^2$

$= (6 \times a^3)^2$

$= 6^2 \times (a^3)^2$

$= 36 \times a^6$

$= 36a^6$

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(5) ભાગાકારની ઘાતનો નિયમ :

બે સંખ્યાઓના ભાગાકારની ઘાત તે બે સંખ્યાની ઘાતનો ભાગાકાર છે. જ્યાં ભાજક (છેદ) શૂન્ય નથી.

ઉદાહરણ : (1) $\left(\frac{2}{5}\right)^{10} = \frac{2^{10}}{5^{10}}$, (2) $\left(\frac{-3}{4}\right)^{5} = \frac{(-3)^5}{4^5}$

- જાતે ગણો : (1) $\left(\frac{7}{9}\right)^{8} = \frac{7^{\cdots\cdots}}{9^{\cdots\cdots}}$ (2) $\left(\frac{-2}{4}\right)^{6} = \frac{(-2)^{\cdots\cdots}}{4^{\cdots\cdots}}$

આમ, જો $b \neq 0$, તથા $a, b \in R$ તો $\left(\frac{a}{b}\right)^n = \frac{a^n}{b^n}$.

ઉદાહરણ 5 : સાદું રૂપ આપો :

(1) $[(a^6)^3 (b^4)^7] \div [(a^2)^9 (b^{14})^2]$; $(a \neq 0, b \neq 0)$

$= [a^{18}b^{28}] \div [a^{18}b^{28}]$

$= \frac{a^{18}b^{28}}{a^{18}b^{28}}$

$= a^{18-18}\ b^{28-28}$

$= a^0b^0$

$= 1 \times 1$

$= 1$

(2) $\frac{(3x^2)^2 \times (2x^3)^4}{(6x^2)^2}$

$= \frac{3^2 \times (x^2)^2 \times 2^4 \times (x^3)^4}{(2 \times 3 \times x^2)^2}$

$= \frac{3^2 \times x^4 \times 2^4 \times x^{12}}{2^2 \times 3^2 \times x^4}$

$= 2^{4-2} \times x^{12}$

$= 2^2 \times x^{12}$

$= 4x^{12}$

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

1. ખાલી જગ્યાઓ પૂરો :

(1) $(-10)^6 \times (-10)^6 = (-10)^{\cdots\cdots}$

(2) $4^5 \div 4^3 = 4^{\cdots\cdots}$

(3) $\frac{x^3}{x^6} = \frac{1}{x^{\cdots\cdots}} = \cdots\cdots$

(4) $(21^3)^3 = 21^{\cdots\cdots}$

(5) $(\sqrt{3})^0 = \cdots\cdots$

(6) $[(-3) \times 4]^2 = (-3)^{\cdots\cdots} \times \cdots\cdots^2$

(7) $\left(\frac{5}{x}\right)^4 = \frac{5^{\cdots\cdots}}{x^{\cdots\cdots}}$

(8) $\left(\frac{1}{2}\right)^3 \div \left(\frac{1}{2}\right)^3 = \cdots\cdots$

(9) $12x^4 \div 3x^6 = \cdots\cdots$

(10) $a^{10} \div \cdots\cdots = a^8$

2. સાદું રૂપ આપો :

(1) $(2^7)^3 \times (2^4)^6$

(2) $(-3)^4 \times (-3)$

(3) $\frac{(a^{14})^4 \times (a^2)^3}{(a^7)^3}$; $(a \neq 0)$

(4) $\frac{(y^7)^3}{(y^6)^5}$; $(y \neq 0)$

(5) $\left(\frac{1}{3} \times x\right)^3$

(6) $\frac{(2a^2b^3)^5 \times (2a^2b^2)^3}{(5a^4b)^6}$; $(a, b \neq 0)$

ઋણ પૂર્ણાંક ઘાતાંક :

ઘાતના ભાગાકારના નિયમ મુજબ શૂન્ય સિવાયની સંખ્યા x માટે ફક્ત અંશમાં જ ઘાતાંકોની બાદબાકી કરતાં....

$\frac{x^3}{x} = x^{3-1} = x^2$

$\frac{x^2}{x} = x^{2-1} = x^1$

$\frac{x}{x} = x^{1-1} = x^0 = 1$

$\frac{1}{x} = \frac{x^0}{x} = x^{0-1} = x^{-1} \quad (\because\ 1 = x^0)$

$\frac{1}{x} \div x = \frac{1}{x} \times \frac{1}{x} = \frac{1}{x \times x} = \frac{x^0}{x^2} = x^{0-2} = x^{-2} \quad (\because\ 1 = x^0)$

આમ, કોઈ પણ શૂન્યેતર સંખ્યા a માટે, $\frac{1}{a} = a^{-1}$, $\frac{1}{a^2} = a^{-2}$, $\frac{1}{a^3} = a^{-3}$

$\because$ ને 'કારણ કે' એમ વંચાય.

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તે જ રીતે (i) $a^{-1} = \frac{1}{a}$, $a^{-5} = \frac{1}{a^5}$, $a^{-7} = \frac{1}{a^7}$ (ii) $5^{-1} = \frac{1}{5}$, $(-3)^{-2} = \frac{1}{(-3)^2} = \frac{1}{9}$

(iii) $\left(\frac{1}{4}\right)^{-3} = \frac{1^{-3}}{4^{-3}} = \frac{4^3}{1^3} = 4^3 = 64$ (iv) $\left(\frac{2}{7}\right)^{-5} = \frac{2^{-5}}{7^{-5}} = \frac{7^5}{2^5}$

આમ, જો $a \neq 0$ તથા $a \in R$, તો $n \in N$ માટે $\boxed{a^{-n} = \frac{1}{a^n}}$

વળી ધન પૂર્ણાંક, ઘાતાંકના તમામ નિયમો ઋણ પૂર્ણાંક માટે પણ સત્ય છે.

$a, b \neq 0$, $m, n \in Z$ તો,

(1) $a^m \times a^n = a^{m+n}$ (2) $(a^m)^n = a^{mn}$ (3) $\frac{a^m}{a^n} = a^{m-n}$

(4) $(ab)^n = a^n b^n$ (5) $\left(\frac{a}{b}\right)^n = \frac{a^n}{b^n}$

ઉદાહરણ 6 : સાદું રૂપ આપો :

(1) 4^{-3}

$= \frac{1}{4^3}$

$= \frac{1}{64}$

(2) $\left(\frac{1}{3}\right)^{-4}$

$= \frac{1}{\left(\frac{1}{3}\right)^4} = \frac{1}{\left(\frac{1^4}{3^4}\right)}$

$= \frac{1}{\frac{1}{81}} = \frac{81}{1} = 81$

(3) $\left(x^{-1}\right)^3$

$= x^{-3}$

$= \frac{1}{x^3}$

(4) $2^3 \times \left(\frac{1}{2}\right)^5 \times 2^{-6}$

પહેલી રીત : $2^3 \times \left(\frac{1}{2}\right)^5 \times 2^{-6}$

$= 2^3 \times (2^{-1})^5 \times 2^{-6}$

$= 2^3 \times 2^{-5} \times 2^{-6}$

$= 2^{3-5-6}$

$= 2^{-8}$

$= \frac{1}{2^8}$

